અનુસંધાન ... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

કંપની આરએસએસના સામયિકમાં જાહેરાતો આપીને રાષ્ટ્રહિત કેવી રીતે સાધી રહી હતી? એ પણ એક એવા સંગઠનના મુખપત્રમાં કે જેનો વિરોધ માત્ર ધૂમ્રપાન સામે જ નહીં, પરંતુ તમામ પ્રકારના નશા સામે રહ્યો છે. અને આશ્ચર્યની વાત એ છે કે, જે સર્વોચ્ચ નેતૃત્વ જાહેર જીવનમાં પવિત્રતા તથા સાદા જીવન અને ઉચ્ચ વિચારોના સિદ્ધાંતનો ઉપદેશ આપે છે, તેમની નજર હેઠળ જ આરએસએસનું આ સામયિક દાયકાઓ સુધી બીડી ઉત્પાદક કંપનીની જાહેરાતો સ્વીકારી રહ્યું હતું. શું ઉપપ્રમુખે આ વાત પર હરખાવાની જરૂર હતી કે પછી આવું શા માટે થયું તે અંગે પ્રશ્નો ઉઠાવવા જોઈતા હતા?

રાહુલ ગાંધીની નવી વ્યૂહરચના

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી જમીની સ્તરે એકસાથે અસંખ્ય પ્રયોગો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમની નજીકના વિશ્વાસુ સૂત્રો જણાવે છે કે, તેઓ ભાજપ અને આરએસએસનો સામનો તેમની જ શૈલીમાં કરવા માટે એક નવી વ્યૂહરચના પર કામ કરી રહ્યા છે. ગાંધીએ તાજેતરમાં પોતાની આસપાસ સલાહકારોની એક નવી ટીમ એકઠી કરી છે, જેમાંથી ઘણા વિદેશમાં ભણેલા છે અને મોટા ભાગના યુવા વ્યાવસાયિકો છે. એવું કહેવાય છે કે, તેઓ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે, "ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રવાદનો સહારો લઈને ભારતીય જનમાનસમાં સ્થાન મેળવીને ભાજપને આટલે સુધી આગળ વધારવામાં આરએસએસે મહત્ત્વની ભૂમિકા ભજવી છે." હવે, તેમની નવી યુવા ટીમ પણ 'ભારત' સાથેનો પોતાનો સંપર્ક મજબૂત કરવામાં લાગેલી છે. ખૂબ જ ટૂંક સમયમાં ગાંધી 'યુવા રોજગાર યાત્રા' શરૂ કરવા જઈ રહ્યા છે જેથી બેરોજગારી અને મોંઘવારી જેવા સમકાલીન મુદ્દાઓ ઉઠાવીને યુવા પેઢીને કોંગ્રેસ સાથે જોડી શકાય. કદાચ કોંગ્રેસના ઇતિહાસમાં આ પહેલીવાર બનશે જ્યારે પક્ષનું હાઈકમાન્ડ તળિયાના સ્તરે કેડરને મજબૂત કરવા માટે તેના ૭૦૦ જિલ્લા પ્રમુખો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરશે. ગાંધી જૂના નેતાઓને બાજુ પર રાખીને પક્ષમાં નવું નેતૃત્વ આગળ લાવવા માંગે છે.

સંગઠનમાં કે. સી. વેણુગોપાલનો પ્રભાવ

ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી (સંગઠન) કે. સી. વેણુગોપાલની ગણના રાહુલ ગાંધી અને પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પછીના ત્રીજા સૌથી પ્રભાવશાળી નેતા તરીકે કરી શકાય છે. છેલ્લા એક દાયકા કે તેથી વધુ સમયથી, જે ગુણે વેણુગોપાલને અપાર મદદ કરી છે તે છે ગાંધીની આસપાસ સતત પડછાયાની જેમ રહેવાની તેમની ટેવ. તેઓ પોતાની સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવવા કરતાં ગાંધી પરિવારને વધુ સમય આપવાનું પસંદ કરે છે. તેમના પોતાના પક્ષમાં જ ઘણીવાર તેમના વિશે આવા શબ્દોમાં વાતો થાય છે: "તેઓ દરેક સમયે રાહુલજીને એ રીતે ઘેરીને રાખે છે, જાણે તેઓ જનરલ સેક્રેટરી નહીં, પરંતુ કોઈ એસપીજી કમાન્ડો હોય."

મધ્ય પ્રદેશમાં...

૧. રાજ્ય સરકાર મગના (Moong) પાકની ૧૦૦% સરકારી ખરીદી કરે.

૨. ખાતર વિતરણ અને પાકની ખરીદી માટે લાગુ કરાયેલી 'e-ટોકન પ્રણાલી' સંપૂર્ણપણે રદ કરવામાં આવે.

મહારાષ્ટ્રની શાળાઓ...

આદેશની જાહેરાત કરી હતી.

આ નિયમ સરકારી, અનુદાનિત, ખાનગી, રેસિડેન્શિયલ તેમજ CBSE, ICSE, સ્ટેટ બોર્ડ અથવા અન્ય તમામ શિક્ષણ બોર્ડ સાથે સંકળાયેલી શાળાઓને સમાન રીતે લાગુ પડશે.

તેનાથી રાજ્યની આશરે ૧.૦૮ લાખ શાળાઓ અને બે કરોડ જેટલા વિદ્યાર્થીઓ આવરી લેવાશે.

પીઓકેના પ્રદર્શનકારીઓ...

લગાવ્યો કે પ્રદર્શનકારીઓ બળપૂર્વક મુઝફ્ફરાબાદ અને મીરપુર પર કબજો જમાવવા માગે છે.

મીરપુરમાં બુધવારે દુકાનો અને બજારો બંધ રહ્યા હતા. પીઓકેની કથિત વિધાનસભાની 13 બેઠકો માટે યોજાયેલી પ્રથમ તબક્કાની ચૂંટણીમાં પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન) ને નવ બેઠકો મળી છે. જોકે વિરોધ પક્ષોએ ચૂંટણીમાં વ્યાપક ગેરરીતિના આરોપ લગાવ્યા છે.

જેએએસીએ દાવો કર્યો કે તેની શાંતિપૂર્ણ રેલી પર સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો, જ્યારે પોલીસે આ આરોપ ફગાવી પ્રદર્શનકારીઓ પાસે આધુનિક હથિયારો હોવાનો દાવો કર્યો છે. વિસ્તારમાં ઇન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે અને જેએએસીના આંદોલનના મીડિયા કવરેજ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બંગાળમાં પૂર્વ બસ...

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ 'રેતી માફિયા' તરીકે વર્ણવ્યા હતા. આ વસૂલાત બીરભૂમમાં કથિત ગેરકાયદે ખનન અને મહેસૂલ નુકસાન સામેની વ્યાપક કાર્યવાહી વચ્ચે આવી છે, જે જિલ્લો ગેરકાયદે ખાણકામ અને પથ્થરના વેપાર સાથે સંકળાયેલા સંગઠિત ગુનાઓના આરોપો હેઠળ લાંબા સમયથી તપાસના દાયરામાં છે. આ રિકવરીએ જુલાઈ ૨૦૨૨માં શાળાઓની ભરતી કૌભાંડ સાથે જોડાયેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટર્જીની નજીકની સહયોગી અર્પિતા મુખર્જી સાથે જોડાયેલી મિલકતોમાંથી મેળવેલા આશરે ૩.૫૦ કરોડના બિનહિસાબી રોકડ, સોનાના આભૂષણો અને વિદેશી મુદ્રા મળી આવ્યાની યાદો તાજી કરી દીધી છે.

દીપકેએ સરકારને...

માંગ કરી હતી અને ચેતવણી આપી હતી કે, સરકારે એવું ન માનવું જોઈએ કે પ્રધાનના રાજીનામા પછી વિદ્યાર્થીઓનો ગુસ્સો ઓછો થઈ ગયો છે. દીપકે કહ્યું, "અમિત શાહ હોય કે પછી કોઈ પણ હોય, પેલેટ ગન ચલાવવાનો આદેશ આપનાર વ્યક્તિ સામે કાર્યવાહી થવી જોઈએ."

લોકસભામાં ભારે...

ડરે છે, જેના પર શાસક પક્ષ અને સંસદીય કાર્ય મંત્રી કિરન રિજિજુએ ભારે વાંધો ઉઠાવ્યો હતો અને માફીની માગ કરી હતી. સ્પીકર ઓમ બિરલાએ પણ રાહુલ ગાંધીને આક્ષેપોના પુરાવા રજૂ કરવા આદેશ આપ્યો હતો.

ત્યારબાદ કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સ્પીકર સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે વિરોધ પ્રદર્શન દરમિયાન કોઈ ગોળીબાર થયો નહોતો અને માત્ર અશ્રુવાયુ (ટીયર ગેસ)નો ઉપયોગ કરાયો હતો. તેમણે ઉમેર્યું કે, "જ્યારે ગોળીબાર જ નથી થયો તો આદેશ આપવાનો સવાલ જ નથી ઊભો થતો, અને ગોળીબારનો આદેશ આપવાનો અધિકાર મેજિસ્ટ્રેટ પાસે હોય છે, મંત્રી પાસે નહીં."

પેપર લીક વિરોધી...

ગૌરવ ગોગોઈએ વિદ્યાર્થીઓ પર અત્યાચાર થયાનો આરોપ મૂકતાં સિંહે જવાબ આપ્યો કે પોલીસ કાર્યવાહી દરમિયાન અત્યંત સંયમ રાખવામાં આવ્યો હતો અને જાનહાનિ ન થાય તેની ખાસ કાળજી લેવામાં આવી હતી. સુધારેલા બિલ મુજબ પેપર લીકના કેસોની તપાસ બે મહિનામાં પૂર્ણ કરવાની રહેશે. આવા ગુનામાં સંડોવાયેલા વ્યક્તિને ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલ તેમજ રૂ. 50 લાખ સુધીનો દંડ થઈ શકશે. સંગઠિત ગુનાઓ માટે ઓછામાં ઓછી સાત વર્ષની જેલ અને રૂ. 10 કરોડ સુધીના દંડની જોગવાઈ છે. બિલ પસાર થયા બાદ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

રાહુલની અમિત શાહ...

તમામ આરોપોને પાયાવિહોણા અને ખોટા ગણાવીને તેમની માફીની માગ કરી હતી. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે જો વિદ્યાર્થીઓ પર પેલેટ ગન અને લોખંડની ખીલવાળી લાઠીઓનો ઉપયોગ કરવાનો આદેશ અમિત શાહે આપ્યો હોય તો તેઓ આ માટે જવાબદાર છે અને જો તેમને એ બાબતની જાણ ન હતી કે પોલીસ દ્વારા આવી કાર્યવાહી કરાશે તો તેઓ પોતાના પદ માટે અયોગ્ય છે. તેમણે કહ્યું કે બંને સંજોગોમાં અમિત શાહે પદ છોડી દેવું જોઈએ. સંસદ બહાર અને બાદમાં કોંગ્રેસ મુખ્યાલયે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે તેમને લોકસભામાં બોલવાની તક આપવામાં આવી ન હતી અને તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ થયો હતો. તેમણે એવો પણ દાવો કર્યો કે વિદ્યાર્થીઓને ઓળખવા માટે ફેશિયલ રેકગ્નિશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેમને ધમકાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ રાહુલ ગાંધી પર ગૃહમંત્રી વિરુદ્ધ પાયાવિહોણા આરોપો લગાવીને સંસદને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પણ સ્પષ્ટ કર્યું કે વિદ્યાર્થી વિરોધ દરમિયાન કોઈ ગોળીબાર થયો ન હતો અને અમિત શાહે પોલીસને ગોળીબાર કરવાનો કોઈ આદેશ આપ્યો હોવાનો દાવો સંપૂર્ણપણે ખોટો છે. તેમણે રાહુલ ગાંધીને દેશ અને સંસદ સમક્ષ માફી માગવાની માગ કરી હતી.

"ગૃહમંત્રી કાં તો જવાબદાર છે અથવા અસક્ષમ"

સંસદ ભવન બહાર પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ પોતાના આક્ષેપો દોહરાવતા કહ્યું હતું કે, "અહીં માત્ર બે જ શક્યતાઓ છે; કાં તો ગૃહમંત્રીએ જ વિરોધ કરનારા વિદ્યાર્થીઓ પર કાર્યવાહીનો આદેશ આપ્યો હતો, અથવા તો તેમને ખબર જ નહોતી કે બળપ્રયોગ થવાનો છે. જો પહેલો કિસ્સો હોય તો તેઓ દોષિત છે, અને જો બીજો કિસ્સો હોય તો તેઓ અસક્ષમ છે."

મતદાર ઓળખપત્ર, આધાર-પાન નાગરિકત્વનો નિર્ણાયક પુરાવો નહીં: કલકત્તા હાઈકોર્ટ

અટકાયતમાં રહેલો શખ્સ તેના માતા-પિતાના દફનસ્થળ વિશે માહિતી આપી શક્યો ન હતો

કોલકાતા, તા. 29 (પીટીઆઈ): કલકત્તા હાઈકોર્ટે મહત્વપૂર્ણ નિરીક્ષણ કરતાં કહ્યું છે કે મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ અને પાન કાર્ડ ભારતીય નાગરિકત્વનો નિર્ણાયક પુરાવો ગણાવી શકાય નહીં. આ ટિપ્પણી સુમાન મોલ્લાએ દાખલ કરેલી હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી.

અરજદારનો દાવો હતો કે તેના ભત્રીજા નાસિરનું નામ પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હતું અને અપીલ બાકી હોવા છતાં તેને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો છે. અરજદારે નાસિરના મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ અને બેંક પાસબુક રજૂ કરીને તેને ભારતીય નાગરિક ગણાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જસ્ટિસ દેબાંગસુ બસાક અને અજય કુમાર ગુપ્તાની બેન્ચે જણાવ્યું કે આ દસ્તાવેજો ભારતીય નાગરિકત્વનો અંતિમ પુરાવો બની શકતા નથી. બેન્ચે નોંધ્યું કે મતદાર ઓળખપત્ર માત્ર મતદાર યાદીમાં નામ નોંધાયેલું હોવાનું દર્શાવે છે, જ્યારે નાસિરનું નામ 2026ની SIR પ્રક્રિયામાં કાઢી નાખવામાં આવ્યું હતું. બેંક ખાતું હોવું પણ નાગરિકત્વનો પુરાવો નથી.

વિદેશી ભંડોળનો ઉપયોગ કરીને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કરવાનું હવે બંધ થશે

ભારતની અનેક સંસ્થાઓ અબજો ડોલરનું વિદેશી ભંડોળ પ્રાપ્ત કરી રહી છે. કેટલાક કિસ્સાઓમાં આ ભંડોળનો ઉપયોગ દેશવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે થતો હોવાના આક્ષેપો કરવામાં આવે છે. આવી સંસ્થાઓમાં મિશનરી સંસ્થાઓથી લઈને તબીબી સંશોધનના નામે વસતી નિયંત્રણનું કાર્ય કરતી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. ફોર્ડ ફાઉન્ડેશન, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અને સોરોસ ટ્રસ્ટ જેવી વિદેશી સંસ્થાઓ તરફથી તેમને મોટાપાયે ભંડોળ પ્રાપ્ત થાય છે. સોનમ વાંગચુકની સંસ્થાનો પણ તેમાં સમાવેશ થાય છે, જેને લદ્દાખના વિકાસ માટે વિદેશી દાન મળતું હોવાનું કહેવાય છે. સરકારનું માનવું છે કે કેટલાક કિસ્સાઓમાં આવા દાનનો ઉપયોગ જાસૂસી જેવી પ્રવૃત્તિઓ માટે પણ થઈ શકે છે. વિદેશી દાનને નિયંત્રિત કરવા માટે ભારતમાં પહેલેથી જ ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (FCRA) અમલમાં છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં તેના નિયમોમાં સુધારાની જાહેરાત કરી છે, જેથી વિદેશી ભંડોળનો ઉપયોગ દેશવિરોધી અને સમાજવિરોધી પ્રવૃત્તિઓ માટે ન થઈ શકે. સરકારના જણાવ્યા મુજબ આ સુધારાનો મુખ્ય હેતુ પારદર્શિતા વધારવાનો અને વિદેશી ભંડોળનો ઉપયોગ માત્ર જાહેર કરાયેલા હેતુઓ સુધી મર્યાદિત રાખવાનો છે. બીજી તરફ, ટીકાકારોનું માનવું છે કે આનાથી નાગરિક સમાજ પર નિયમનકારી નિયંત્રણ વધુ કડક બની શકે છે. કાયદામાં કરવામાં આવેલા સુધારા ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વિદેશી સહાય મેળવતી તમામ સંસ્થાઓને લાગુ પડશે. આ કાયદો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અથવા હિંસક વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા માટે વપરાતા વિદેશી ભંડોળ પર પ્રતિબંધ મૂકે છે. તેમાં સરકારી પ્રોજેક્ટોમાં વિક્ષેપ ઊભો કરવાના પ્રયાસો અથવા જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતાં રમખાણોને પ્રોત્સાહન આપતા ભંડોળનો પણ સમાવેશ થાય છે. બીજી પ્રતિબંધિત શ્રેણીમાં ભારતીય ચૂંટણીઓ, રાજકીય પ્રક્રિયા અથવા સરકારી નીતિઓને પ્રભાવિત કરવાના હેતુથી મળતા વિદેશી ભંડોળનો સમાવેશ થાય છે. કાયદો બિનહિસાબી અથવા શંકાસ્પદ વિદેશી યોગદાનને પણ ગંભીર ચિંતાનો વિષય માને છે. સમાજકલ્યાણના નામે મળેલું વિદેશી દાન જો કથિત રીતે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે વપરાતું હોય તો તે પણ આ કાયદા હેઠળ પ્રતિબંધિત ગણાશે. તાજેતરનાં વર્ષોમાં સરકારે વિદેશી અનુદાન મેળવતી બિનસરકારી સંસ્થાઓ (NGO) પર વધુ દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે. ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ, 2010 હેઠળ ચોક્કસ વ્યક્તિઓ, સંસ્થાઓ અને કંપનીઓ દ્વારા વિદેશી યોગદાન તથા વિદેશી આતિથ્યના સ્વીકાર અને ઉપયોગને નિયમિત કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય હિતને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓમાં વિદેશી ભંડોળનો ઉપયોગ ન થાય તે માટે આ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો. તાજેતરનાં વર્ષોમાં FCRAને લઈને અનેક ઘટનાઓ ચર્ચામાં રહી છે. ગ્રીનપીસ ઇન્ડિયાનું FCRA લાઇસન્સ 2015માં રદ કરવામાં આવ્યું હતું. સરકારના જણાવ્યા મુજબ થર્મલ પાવર, પરમાણુ ઊર્જા, કોલસા અને એલ્યુમિનિયમ ખાણકામ સામેના વિરોધ પ્રદર્શનોથી વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં અવરોધ ઊભો થતો હતો. 2014માં ઇન્ટેલિજન્સ બ્યુરોના 'વિકાસ પર NGOનો પ્રભાવ' અહેવાલમાં પણ ચેતવણી આપવામાં આવી હતી કે કેટલાક આંતરરાષ્ટ્રીય દાતાઓના સહયોગથી કાર્યરત બિન-લાભકારી સંગઠનો વિકાસલક્ષી યોજનાઓમાં વિક્ષેપ પેદા કરી રહ્યા છે, જે

ભારતીય અર્થતંત્ર માટે ચિંતાજનક બની શકે છે. આ ઉપરાંત, દક્ષિણ ભારતમાં કુડનકુલમ પરમાણુ વીજ ઉત્પાદન કેન્દ્ર સામે થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન વિરોધ સાથે સંકળાયેલી કેટલીક સંસ્થાઓને અમેરિકા સ્થિત દાતાઓ પાસેથી વિદેશી ભંડોળ મળ્યાના મુદ્દાએ પણ ચર્ચા જગાવી હતી. આ ઘટનાઓ પછી વિદેશી ભંડોળ મેળવનારી સંસ્થાઓ પર સરકારની દેખરેખ વધુ કડક બની હતી. ડિસેમ્બર 2017ના એક અહેવાલ મુજબ 2015-16 દરમિયાન NGOને મળતું વિદેશી ભંડોળ અંદાજે રૂ. 17,773 કરોડ હતું, જે બાદમાં FCRA નોંધણીઓ રદ થતાં ઘટીને લગભગ રૂ. 6,499 કરોડ રહ્યું હતું. સુધારેલા FCRA હેઠળ કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓને વિદેશી યોગદાન સ્વીકારવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમાં ચૂંટણી લડતા ઉમેદવારો, સંસદસભ્યો, વિધાનસભ્યો, રાજકીય પક્ષો અને તેમના હોદ્દેદારો, ન્યાયાધીશો, સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમોના કર્મચારીઓ તેમજ પત્રકારો, પ્રકાશકો અને કાર્ટૂનિસ્ટોનો સમાવેશ થાય છે. બીજી તરફ, વિવિધ ખાનગી ફાઉન્ડેશનો, વિદેશી સરકારી એજન્સીઓ અને વ્યક્તિઓ ભારતમાં સખાવતી કાર્યો માટે NGOને દાન અને પ્રોજેક્ટ સહાય પૂરી પાડતી રહે છે. 24 જુલાઈ, 2018ના રોજ તત્કાલીન કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી કિરેન રિજિજુએ સંસદમાં જણાવ્યું હતું કે 2011 પછી FCRA હેઠળ લગભગ 19,000 NGOની વિદેશી ભંડોળ મેળવવાની મંજૂરી રદ કરવામાં આવી હતી. નવી જોગવાઈઓમાં ધાર્મિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં 'ધાર્મિક પરિવર્તન સિવાય' શબ્દપ્રયોગ સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે. ધાર્મિક શિક્ષણ, ધાર્મિક અભ્યાસ, ધાર્મિક પરંપરાઓનું જતન અને ધાર્મિક મેળાવડાઓ જેવી પ્રવૃત્તિઓ માટે વિદેશી ભંડોળ મેળવવાની મંજૂરી રહેશે, પરંતુ ધર્મપરિવર્તનના હેતુથી થતી પ્રવૃત્તિઓને સ્પષ્ટપણે મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે રેવ. સ્ટેનિસ્લોસ વિરુદ્ધ મધ્યપ્રદેશ રાજ્ય (1977) કેસમાં પણ સ્પષ્ટ કર્યું હતું કે બંધારણ ધર્મના પ્રચારનો અધિકાર આપે છે, પરંતુ અન્ય વ્યક્તિને ધર્માંતરિત કરવાનો અધિકાર આપતું નથી. FCRAનો મુખ્ય હેતુ વિદેશી યોગદાનના સ્ત્રોત અને તેના ઉપયોગ પર અસરકારક નિયંત્રણ રાખવાનો છે. સુધારેલા નિયમો અનુસાર હવે માત્ર નોંધણી પૂરતી રહેશે નહીં, પરંતુ સંસ્થાઓને હેતુઆધારિત અને રાજ્યવિશિષ્ટ નોંધણી પણ કરાવવી પડશે. વાર્ષિક અહેવાલમાં કેટલું વિદેશી દાન મળ્યું, તેનો પ્રોજેક્ટવાર કેટલો ઉપયોગ થયો અને અંતિમ દાતા કોણ છે તેની માહિતી જાહેર કરવી ફરજિયાત રહેશે, ભલે ભંડોળ કોઈ મધ્યસ્થી દ્વારા મળ્યું હોય. સોશિયલ મીડિયા અને સત્તાવાર વેબસાઇટ પર પણ જરૂરી માહિતી જાહેર કરવી કાયદાકીય પાલનનો ભાગ બનશે. સરકારના જણાવ્યા મુજબ આ જોગવાઈઓનો હેતુ પારદર્શિતા, જવાબદારી અને નાણાકીય શિસ્ત વધારવાનો છે. સુધારેલા નિયમોમાં પ્રથમ વખત માન્ય ધાર્મિક પ્રવૃત્તિઓની સ્પષ્ટ યાદી આપવામાં આવી છે. પૂજા સ્થળોની જાળવણી, ધાર્મિક શિક્ષણ અને કાયદેસર ધાર્મિક સેવાઓ માટે વિદેશી ભંડોળનો ઉપયોગ કરી શકાશે, જ્યારે ધર્મપરિવર્તન સંબંધિત પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિયમ તમામ ધર્મો માટે સમાન રીતે લાગુ પડશે. FCRAની કલમ 12(4) મુજબ રાષ્ટ્રીય હિત અને સામાજિક સંતુલનને પ્રાથમિકતા આપવામાં આવી છે. સરકારનું કહેવું છે કે આનાથી નિયમોમાં રહેલી અસ્પષ્ટતા દૂર થશે અને દરેક પ્રોજેક્ટનું નિરીક્ષણ વધુ અસરકારક રીતે થઈ શકશે. જોકે કેટલાક માનવાધિકાર સંગઠનો અને વિરોધ પક્ષોએ આ જોગવાઈઓને વધુ કડક ગણાવી છે. સરકારનું માનવું છે કે આનાથી નિષ્ક્રિય અથવા માત્ર નોંધાયેલી સંસ્થાઓને ઓળખવી સરળ બનશે અને વિદેશી ભંડોળથી સર્જાતી સંપત્તિના સંભવિત દુરુપયોગને પણ અટકાવી શકાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

એક સમાચાર મુજબ ૨૦૧૫-૧૬ માં NGO ને મળતું વિદેશી ભંડોળ રૂ. ૧૭,૭૭૩ કરોડ હતું; પરંતુ FCRA રદ થવાના કારણે તે ૨૦૨૫-૨૬માં ઘટીને રૂ. ૬,૪૯૯ કરોડ થઈ ગયું હતું

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - એસ.કે ૦૩ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા મંડપને લગત ૦૧ (એક) કામ અને સિવિલ વર્ક ના ૦૩ (ત્રણ) કામો આમ કુલ ૦૪ (ચાર) કામો માટે યોગ્ય અનુભવ તથા યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર મંગાવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૫૫.૧૯ થી ૬૯.૦૦ લાખની વચ્ચેની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૦/૦૮/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૧૭૩/૨૦૨૬-૨૭

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત
ઓન લાઇન ઇ.ટેન્ડરીંગ નોટીસ
નં: સુડા/સીબી/૦૭/૨૦૨૬-૨૭

મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ ઇજારદારો/એજન્સીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા.૧૨/૦૮/૨૦૨૬ સુધી જોવા મળશે.

અ.નં.	કામનુ નામ	કામની સંખ્યા
૧	Selection of Concessionaire for Repair/Retrofit, Develop, Operate & Transfer (RDOT) by converting existing 93 unallotted vacant houses Under Mukhya Mantri/Rajeev Awas Yojana (MMGY/RAY) into PMAY 2.0 Under Affordable Rental Housing (ARIs) for a period of 25 years by Surat Urban Development Authority (Phase-II) (Fourth Attempt)	૧

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત
ક્રમાંક: માહિતી-સુરત/૪૨૪/૨૦૨૬

SGGU/ESTA/REC/1977/2026 તા.૩૦/૦૭/૨૦૨૬

વોક-ઇન ઈન્ટરવ્યૂ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા સંચાલિત વિવિધ કેન્દ્રમાં ૧૧ મહિનાના કરાર આધારિત એડહોક વ્યાખ્યાતાની જગ્યાઓ માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ચુ.જુ.સી તથા ગુજરાત સરકારના નીતિ નિયમો અનુસાર NET/SLET/Ph.D. લાયકાત ધરાવતા ઉમેદવારોની વોક-ઇન ઈન્ટરવ્યૂ દ્વારા પસંદગી કરવામાં આવશે.વધુ માહિતી અને ફોર્મ યુનિવર્સિટી વેબસાઇટ https://www.sggu.ac.in/recruitement.php પરથી મેળવી લેવાના રહેશે.

ક્રમ	ડીપાર્ટમેન્ટ	જગ્યાની સંખ્યા	ઈન્ટરવ્યૂની તારીખ	ઈન્ટરવ્યૂનો સમય
૧	કમ્પ્યુટર સાયન્સ	૦૨	૦૪/૦૮/૨૦૨૬	સવારે ૧૦ .૦૦ કલાકે
૨	માઇક્રોબાયોલોજી/બાયોટેક્નોલોજી	૦૨		
3	ફિઝિકલ એજ્યુકેશન	૦૨		

રસ ધરાવતા ઉમેદવારોએ નિર્ધારિત અરજી ફોર્મ સંપૂર્ણ ભરી, મૂળ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત નકલો સાથે સવારે ૦૯.૦૦ વાગ્યે યુનિવર્સિટીના એડમીન બિલ્ડિંગમાં હાજર રહેવાનું રહેશે.

નોંધ:
- ઉમેદવારોએ UGC Regulations, 2018 મુજબની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવવી ફરજિયાત રહેશે.
- કોઈપણ પ્રકારનો TA/DA ચૂકવવામાં આવશે નહીં.
- ભરતી પ્રક્રિયામાં ફેરફાર/રદબાતલ કરવાનો અધિકાર યુનિવર્સિટી પાસે અનામત રહેશે.

(માહિતી/ગોધરા/૩૫૦/૨૬)
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

જાહેરનામું
ગુજરાત સકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ- ૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખ:- 16 JUL 2026
ક્રમાંક:- અમ-મ-૨૦૨૬-૬૬૪-જસત-૧૨૨૦૨૬-૯૮૬-ઘ

"મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના